### માલસર દર્શન કરાવવાની બહાને શિનોર પાસે ગરનાળા નજીક બોલાવ્યા હતા

# ફેસબુક મિત્રતાની આડમાં ડ્રગ કેસમાં ફસાવવાની ધમકી આપી 7 લાખની ઠગાઈ

**શિનોર કેસમાં** પિતા-પુત્ર સહિત ચાર આરોપી ઝડપાયા, ચાર હજુ ફરાર

(પ્રતિનિધિ) શિનોર, તા.9

શિનોર પોલીસ સ્ટેશનમાં તા. 9 ડિસેમ્બરના રોજ અમિત સોની દ્વારા નોંધાયેલી ફરિયાદ મુજબ, ફેસબુક પર મિત્રતા કેળવી કાવતરું રચી વડોદરાના નિવૃત્ત કર્મચારી કમલેશ દવે (ઉંમર 68) પાસેથી 7,00,000 પડાવી લેવામાં આવ્યા હતા. આ કેસમાં અત્યાર સુધી ચાર આરોપીઓને ઝડપી પાડવામાં આવ્યા છે, જ્યારે હજુ ચાર આરોપીઓ ફરાર હોવાનું જાણવા મળે છે.




પ્રાપ્ત માહિતી મુજબ, અંજનાબેન ઉર્ફે પિંકી પટેલ નામની યુવતીએ ફેસબુક પર કમલેશ દવે સાથે મિત્રતા કરી હતી. બાદમાં વાતોમાં ફસલાવી માલસર દર્શન કરાવવાની બહાને શિનોર પાસે ગરનાળા નજીક બોલાવ્યા હતા. ત્યાં પૂર્વ આયોજન મુજબ સફેદ કારમાં આવેલા અન્ય ચાર ઈસમોએ પોતાને પોલીસ તરીકે ઓળખાવી, યુવતી પાંચ ડ્રગ કેસમાં સંડોવાયેલી છે અને કમલેશ દવે તેના સાથીદાર હોવાથી તેઓ પણ આરોપી હોવાનું કહી ડરાવ્યો હતો.

આ બાદ કમલેશ દવેને પોતાની કારમાં બેસાડી અપહરણ કરી ડ્રગ કેસમાંથી બચાવવાના બહાને 9 લાખની માંગણી કરી હતી. અંતે પતાવટ તરીકે 7,00,000 લઈ યુવતી તથા અન્ય ચાર આરોપીઓ ફરાર થઈ ગયા હતા. આ સમગ્ર મામલે શિનોર પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાતા પ્રથમ તબક્કે આરોપી હાર્દિક કનૈયાલાલ શેઠ ઝડપાયો હતો. ત્યારબાદ તા. 19 ડિસેમ્બરના રોજ બીજો આરોપી કેતન ઉર્ફે શાંતુ નરેન્દ્ર ત્રિવેદી, જે નિવૃત્ત પોલીસ ઈન્સ્પેક્ટરનો પુત્ર છે, તેની ધરપકડ કરવામાં આવી હતી.

વડોદરા ગ્રામ્ય પોલીસ અધિક્ષક સુશીલ અગ્રવાલે પ્રેસ કોન્ફરન્સમાં જણાવ્યું હતું કે આ કેસમાં હજુ અંકિતા યજ્ઞેશ રાવલ, અંજનાબેન ઉર્ફે પિંકી પટેલ, રાજેશ પટેલ તથા મહેશભાઈ (રહે. વલસાડ)ને પકડવાના બાકી છે.

આ અંગે પો.સ.ઈ. એમ.એસ. જાડેજાએ જણાવ્યું હતું કે એક મહિલા આરોપી દ્વારા આગોતરા જામીન માટે અરજી કરવામાં આવી હતી, જે કોર્ટ દ્વારા નામંજૂર કરવામાં આવી છે. વધુમાં, પોલીસ દ્વારા વધુ બે આરોપી જીતેન્દ્ર ભોગીલાલ રાવલ અને તેનો પુત્ર ધ્રુવ જીતેન્દ્ર રાવલ (રહે. કાંકરોલ, તા. હિંમતનગર, જી. સાબરકાંઠા)ને ઝડપી પાડવામાં આવ્યા છે.

### ખાણખનીજ વિભાગની કાયદેસર કાર્યવાહી

# ધામસિયા ચેકપોસ્ટ પર રોયલ્ટી પાસ વિના ડોલોમાઈટ ભરેલી બે ગાડી ઝબ્બે

**30 દિવસ બાદ** છોડવાના નિયમ' હેઠળ ગાડીઓ છોડાશે કે કેમ? અનેક સવાલો ઉભા

(પ્રતિનિધિ) બોડેલી, તા.9

છોટાઉદેપુર જિલ્લાના નસવાડી નજીક આવેલી ખાણખનીજ વિભાગની ધામસિયા ચેકપોસ્ટ પર રોયલ્ટી પાસ વિના ડોલોમાઈટ પાવડર ભરેલી બે ગાડીઓને ઝડપી લેવામાં આવતા સમગ્ર વિસ્તારમાં ફરી એકવાર ખનિજ માફિયાની ચર્ચા તેજ બની છે. પકડાયેલી ગાડીઓના નંબર GJ-18 BW 5258 અને GJ-17 XX 4440 હોવાનું જાણવા મળ્યું છે. તપાસ દરમિયાન રોયલ્ટી પાસ રજૂ ન કરી શકાતા ખાણખનીજ વિભાગ દ્વારા કાયદેસર કાર્યવાહી કરી બંને ગાડીઓને ધામસિયા ચેકપોસ્ટ ખાતે સીઝ કરવામાં આવી છે.



ઉલ્લેખનીય છે કે ટૂંક સમય અગાઉ પણ આ જ ચેકપોસ્ટ પરથી રોયલ્ટી વિનાની ડોલોમાઈટ ભરેલી બે ગાડીઓ ઝડપાઈ હતી. તે સમયે સરકાર દ્વારા ગેરકાયદેસર ખનિજ વહન કરતાં વાહનોને 30 દિવસ બાદ છોડવાના નવા નિયમની ચર્ચા થઈ હતી. આ નિયમના કારણે તાત્કાલિક ઓનલાઈન દંડની કાર્યવાહી શક્ય ન બનતાં વાહનો સીઝ કરવાના બન્યા હોવાનું અધિકારીઓ જણાવી રહ્યા છે.

પરંતુ સૌથી મોટો સવાલ એ ઊભો થયો છે કે જ્યારે હાલ ડોલોમાઈટ માઈન્સના રોયલ્ટી પાસ ખાણખનીજ વિભાગ દ્વારા લોક કરવામાં આવ્યા હોવાનું કહેવાય છે, ત્યારે રોજબરોજ મોટી સંખ્યામાં ડોલોમાઈટ પાવડરની ગાડીઓ ક્યાંથી અને કયા આધારે પસાર થાય છે?

## ગુજરાતમિત્ર ગતિવિધિ

### જબુગામ ખાતે જિલ્લા અંદરના વિસ્તરણ કાર્યકર પ્રવાસનું આયોજન કરાયું




**બોડેલી ।** છોટાઉદેપુર જિલ્લાના મદદનીશ ખેતી નિયામકશ્રીની કચેરીના પેટા વિભાગ જબુગામ ખાતે જિલ્લા અંદરના વિસ્તરણ કાર્યકર પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પ્રાકૃતિક ખેતીમાં ઝીરો બેજેટ ફાર્મિંગ, સરકારશ્રી દ્વારા યોજનાનો લાભ અને ડિજિટલ પ્લેટફોર્મ પર કૃષિ તજજ્ઞ દ્વારા પ્રાકૃતિક ખેતીને ધ્યાન રાખીને સંપૂર્ણપણે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. જેમાં ગુજરાત પ્રાકૃતિક કૃષિ વિકાસ બોર્ડ તથા આત્મા પ્રોજેક્ટ,છોટાઉદેપુર જિલ્લાના પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રી જે.ડી.ચારેલ, નાયબ ખેતી નિયામક (ઈનપુટ)શ્રી સુમિત પટેલ, જબુગામના વિસ્તરણ અધિકારીશ્રી જીવરાજ, જિલ્લા, તાલુકાનો સ્ટાફ, ગ્રામ્ય સ્તરમાંથી સી.આર.પી, કૃષિ પ્રગતિનો સ્ટાફ અને કૃષિ સખી ઉપસ્થિત રહ્યા હતા.

### પાદરા ગાયત્રી શક્તિપીઠ ખાતે બીજા દિવસે ભક્તિભાવથી કથા શ્રવણ




**પાદરા ।** અખિલ વિશ્વ ગાયત્રી પરિવાર શાંતિકુંજ હરિદ્વાર તથા પાદરા ગાયત્રી શક્તિપીઠ દ્વારા આયોજિત શ્રીમદ પ્રજ્ઞાપુરાણ કથા મહોત્સવના આજે બીજા દિવસે કથાકાર પ્રજ્ઞાપુત્રી શ્રીમતી મીનાક્ષીબેન કાબરીયાએ પોતાની ૨૧૪મી કથામાં તેજસ્વી અને ઓજસભરી વાણી સાથે સંગીતના સુરસંગમ દ્વારા ભક્તોને કથાનું રસપાન કરાવ્યું હતું. કથાના બીજા દિવસે મોટી સંખ્યામાં ગાયત્રી શક્તિપીઠ પરિવારના ભક્તોએ ઉપસ્થિતિ નોંધાવી અને આધ્યાત્મિક લાભ લીધો હતો. કાર્યક્રમમાં મુખ્ય યજમાન તરીકે વડુ મંદિરના મહંત વિપુલચંદ્ર પરષોતમદાસ મહંત અને પુનમબેન વિપુલચંદ્ર મહંત સહીત બાબુભાઈ પટેલ તથા મોટી સંખ્યામાં ભાવિક ભક્તોએ કથા શ્રવણ કર્યું હતું. કથાકાર શ્રીમતી મીનાક્ષીબેન કાબરીયાએ પોતાના પ્રવચનમાં દેવ-માનવ સમીક્ષા વિષય ઉપર વિસ્તૃત અને સરળ ભાષામાં પ્રકાશ પાથર્યો હતો. તેમણે માનવીય જીવનમાં સંસ્કાર અને આત્મિક ઉન્નતિનું મહત્વ સમજાવતાં ભક્તોને આધ્યાત્મિક ચિંતન માટે પ્રેરિત કર્યા હતા.

### છોટાઉદેપુરમાં સોમનાથ સ્વાભિમાન પર્વની ભવ્ય ઉજવણી કરાઈ



**છોટાઉદેપુર ।** સોમનાથ મહાદેવને એક હજાર વર્ષ પૂર્ણ થતા સતત ત્રણ દિવસ સમગ્ર ગુજરાત સહિત છોટાઉદેપુર નગરમાં આ ઉજવણી કરવામાં આવશે આજરોજ પ્રથમ દિવસે છોટા ઉદેપુર નગરમાં આવેલ કાશીવિશ્વનાથ મહાદેવ મંદિર ગુરુકૃપા સોસાયટી ખાતે ભારતની અતૂટ આસ્થાના 1000 વર્ષનો ઉત્સવ સોમનાથ સ્વાભિમાન પર્વ ના ભાગરૂપે ઉજવવામાં આવ્યો ક્રૂર વિદેશી હુમલાખોરોના અત્યાચારોની જીદ સામે ભગવાન સોમેશ્વરના અગણિત ભક્તોના સંકલ્પનું પ્રતીક સોમનાથ મહાદેવ ના યાદગીરી રૂપે આ પર્વ ઉજવવામાં આવી રહ્યો છે. કાશીવિશ્વનાથ મહાદેવ મંદિર છોટાઉદેપુરમાં સાંસદ જશુભાઈ રાઠવા તેમજ જિલ્લા ભાજપ પ્રમુખ ઉમેશભાઈ રાઠવા દ્વારા કાશીવિશ્વનાથ મહાદેવ મંદિરમાં દર્શન, આરતી કરી આ પર્વની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે લોકસભા સાંસદ જશુભાઈ રાઠવા, જિલ્લા ભાજપ પ્રમુખ ઉમેશભાઈ રાઠવા સહિત હોદ્દેદારો ઉપસ્થિત રહી કાશીવિશ્વનાથ મહાદેવ મંદિર માં ભજન કીર્તન કર્યા હતા.

# બોડેલી માય શાનેન સ્કૂલમાં વિજ્ઞાનમેળાનું ભવ્ય આયોજન

200થી વધુ વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો

(પ્રતિનિધિ) બોડેલી, તા.9

જે.સી.ટી. ગ્રુપ સંચાલિત માય શાનેન સ્કૂલ, બોડેલી ખાતે શુક્રવારના રોજ વિજ્ઞાન મેળાનું સુંદર અને ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનું ઉદઘાટન મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહેલા જશવંતભાઈ પરમાર (ડી.પી.ઈ.ઓ., છોટાઉદેપુર) દ્વારા કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે વિશાલભાઈ પંડ્યા, હેમાંગભાઈ પુરોહિત, શાળાના ચેરમેન લોકેન્દ્રસિંહ વાંસદિયા, ટ્રસ્ટી શ્રી સંજયસિંહ રાજપરમાર, શાળાના હેડ વૈદેહીબેન શાહ તેમજ નવજીવન શાળાના આચાર્ય એકનાથ જાદવ ઉપસ્થિત રહ્યા હતા. વિજ્ઞાન મેળામાં શાળાના પ્રી-પ્રાયમરી તેમજ ધોરણ ૧ થી ૮ સુધીના ગુજરાતી અને અંગ્રેજી માધ્યમના અંદાજે 200 જેટલા વિદ્યાર્થીઓએ 100થી વધુ વિજ્ઞાનની કૃતિઓ રજૂ કરી હતી.



વિદ્યાર્થીઓએ રજૂ કરેલી કૃતિઓમાં વરસાદી પાણીનો સંગ્રહ, એસ્કેલેટર (સરકતી સીડી), હાઈડ્રોલિક બ્રિજના મોડલ, સોલાર સિસ્ટમ (ગ્રહ-નક્ષત્રો), ઓર્ગેનિક ખેતી, સુગમ ફેક્ટરી, વેક્યુમ ક્લીનર, જ્વાળામુખી (વોલ્કેનો), એર કુલર (બોક્સ) સહિતની નવીન અને સર્જનાત્મક કૃતિઓનો સમાવેશ થતો હતો. વિજ્ઞાન મેળાને સફળ બનાવવા માટે શાળાના વિજ્ઞાન શિક્ષકોએ મહત્વપૂર્ણ ફાળો આપ્યો હતો.

# શિનોર તાલુકાના ભેખડા ગામે બે મકાનમાં તસ્કરી: દાગીના ચોરી ગયા

CCTVમાં ચોરોની ટોળકી કેદ, નાઈટ પેટ્રોલિંગ પર પ્રશ્નાર્થ

(પ્રતિનિધિ) શિનોર, તા.9

શિનોર તાલુકાના ભેખડા ગામે તસ્કરો દ્વારા બે મકાનના તાળા તોડી ચોરીની ઘટનાને અંજામ આપવામાં આવ્યો છે. આ ઘટનાએ શિનોર પોલીસ સ્ટેશનની નાઈટ પેટ્રોલિંગ વ્યવસ્થા સામે ગંભીર પ્રશ્નાર્થ ઊભા કર્યા છે.

પ્રાપ્ત માહિતી મુજબ, તસ્કરોની ટોળકી રાત્રિના સમયે ગામમાં પ્રવેશી બે મકાનોને નિશાન બનાવી તાળા તોડી ચોરી કરી હતી. ચોરી દરમિયાન એક મકાનના CCTV કેમેરા પર કપડું ઢાંકી દેવામાં આવ્યું હતું, જ્યારે બીજા મકાનમાં લાગેલા CCTV કેમેરામાં તસ્કરોની ટોળકી સ્પષ્ટ રીતે નજરે પડી છે.

ચોરી કરતી વેળાએ ગામના કેટલાક લોકો જાગી જતા તસ્કરો તાત્કાલિક નાસી છૂટ્યા હતા. ઘરમાલિકોના જણાવ્યા મુજબ, તસ્કરો અંદાજે ૫૦૦ ગ્રામ જેટલું ચાંદી તેમજ રૂ. ૧૦,૦૦૦ રોકડા ચોરી લઈ ગયા છે.

આ ઘટનાને લઈને ગામમાં ભય અને અસુરક્ષાની લાગણી ફેલાઈ છે. સ્થાનિક ગ્રામજનોનો આક્ષેપ છે કે શિનોર તાલુકામાં પોલીસ પેટ્રોલિંગ અને GRD પોઈન્ટ માત્ર શોભાના ગાંઠિયા સમાન બની રહ્યા છે.

ઘટનાની જાણ થતાં શિનોર પોલીસે સ્થળ પર પહોંચી તપાસ શરૂ કરી છે. પોલીસ દ્વારા CCTV ફૂટેજના આધારે તસ્કરોને ઓળખી ઝડપવા માટે પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે.





# અર્ધબેભાન મહિલાઓને એમ્બ્યુલન્સમાં ઠાંસી-ઠાંસી 40 કિમી મુસાફરી કરાવાઈ

**નસવાડી** CHCમાં કુટુંબ નિયોજન બાદ મહિલાઓ સાથે અમાનવીય વર્તન

(પ્રતિનિધિ) નસવાડી, તા.9

નસવાડી સામુહિક આરોગ્ય કેન્દ્રમાં દર ગુરુવારે કરવામાં આવતી કુટુંબ નિયોજનની સર્જરી બાદ મહિલાઓ સાથે ગંભીર બેદરકારી દાખવાતી હોવાનો ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. ઓપરેશન બાદ અર્ધબેભાન અવસ્થામાં રહેલી મહિલાઓને નિયમ મુજબ એમ્બ્યુલન્સમાં સુવડાવી ઘરે મોકલવાની જગ્યાએ, તેમને બેઠી હાલતમાં ઠાંસી-ઠાંસી ભરવામાં આવી અને આશરે 40 કિલોમીટર સુધીની મુસાફરી કરાવાઈ હતી.



પ્રાપ્ત વિગતો મુજબ નસવાડી તાલુકાના પીસાયતા અને કુકરડા ગામની મહિલાઓ ગુરુવારે કુટુંબ નિયોજન માટે નસવાડી CHCમાં આવી હતી. સર્જરી બાદ તેમની તબિયત નાજુક હોવા છતાં, તણખલા ખાતેથી બોલાવેલી એમ્બ્યુલન્સમાં એકસાથે પાંચ મહિલાઓને બેસાડવામાં આવી હતી. સાથે દરેક મહિલાનો એક પરિવારજનો પણ હોવાથી કુલ દસ જેટલા લોકો એમ્બ્યુલન્સમાં ભરવામાં આવ્યા હતા.

આમ તો કુટુંબ નિયોજન બાદ મહિલાઓને એમ્બ્યુલન્સની સીટ પર સુવડાવીને મોકલવાનો આરોગ્ય વિભાગનો નિયમ છે, પરંતુ ખર્ચ અને ગ્રાન્ટ બચાવવાના નામે આ માનવતા વિરુદ્ધની રીત અપનાવવામાં આવી હોવાના આક્ષેપો થયા છે. જો મુસાફરી દરમિયાન કોઈ મહિલાને ગંભીર તકલીફ ઊભી થાય તો તેની જવાબદારી કોણ લેશે તેવો પ્રશ્ન ઊભો થયો છે.

એક તરફ મહિલા સશક્તિકરણની મોટી મોટી વાતો કરવામાં આવે છે, તો બીજી તરફ છોટાઉદેપુર જિલ્લામાં આરોગ્ય વિભાગની આવી બેદરકારીથી મહિલાઓને કઠિન પરિસ્થિતિનો સામનો કરવો પડી રહ્યો છે.

# નસવાડીના સ્ટેટ આર એન્ડ બી વિભાગના ક્વાટર્સની હાલત દયનીય

**ગટર** બોર નજીક હોવાથી રોગચાળાની દહેશત

(પ્રતિનિધિ) નસવાડી, તા.9

નસવાડી ખાતે એસ.બી. સોલંકી વિદ્યામંદિરની સામે આવેલ સ્ટેટ આર એન્ડ બી વિભાગની માલિકીના બાર સરકારી ક્વાટર્સની હાલત દયનીય બની છે. આ ક્વાટર્સના વિશાળ કેમ્પસમાં મોટા મોટા બાવળ ઉગી નીકળ્યા છે, પરંતુ સ્ટેટ આર એન્ડ બી વિભાગ દ્વારા તેની કોઈ સફાઈ કરવામાં આવતી નથી.

ઉલ્લેખનીય છે કે આ ક્વાટર્સમાં આરોગ્ય વિભાગ, તાલુકા પંચાયત તેમજ મામલતદાર કચેરીમાં ફરજ બજાવતા સરકારી કર્મચારીઓ રહે છે. આ ક્વાટર્સનું નિયમિત ભાડું સ્ટેટ આર એન્ડ બી વિભાગ દ્વારા વસૂલવામાં આવે છે, છતાં મૂળભૂત સુવિધાઓના અભાવે કર્મચારીઓ મુશ્કેલી ભોગવી રહ્યા છે.



ક્વાટર્સના કેમ્પસમાં ઉગેલા બાવળોમાં ઝેરી જીવજંતુઓ ફરતા હોવાની ભીતિ છે, જેના કારણે અહીં રહેતા નાના બાળકોને કરડાઈ જવાની અને કર્મચારીઓને પણ જોખમ થવાની દહેશત છે. વધુમાં, ક્વાટર્સમાં પાણીના યોગ્ય નિકાલ માટે ગટર વ્યવસ્થા ન હોવાને કારણે ગંદું પાણી આસપાસ ભરાઈ રહે છે.

ચિંતાજનક બાબત એ છે કે ક્વાટર્સની નજીક જ પીવાના પાણીનો બોર આવેલો છે, જ્યાં ગટરનું દૂષિત પાણી ભેગું થઈ બોરમાં ઉતરતું હોવાનું જોવા મળે છે. આવી સ્થિતિમાં ક્યારે પણ આ બોરના પાણીથી રોગચાળો ફેલાઈ શકે તેવી ભયજનક પરિસ્થિતિ સર્જાઈ છે.

એક તરફ સરકાર દ્વારા સરકારી કર્મચારીઓને ક્વાટર્સમાં સુવિધા મળે તે માટે સ્ટેટ આર એન્ડ બી વિભાગને લાખો રૂપિયાની ગ્રાન્ટ ફાળવવામાં આવે છે, જ્યારે બીજી તરફ અધિકારીઓ દ્વારા આવી મૂળભૂત સમસ્યાઓ પ્રત્યે ઘોર બેદરકારી દાખવવામાં આવી રહ્યાના આક્ષેપ કર્મચારીઓ કરી રહ્યા છે.

### આર્ટ્સ કોલેજ લીમખેડા ખાતે ઓનલાઈન વેબિનાર યોજાયો

લીમખેડા. લીમખેડા વિભાગ યુવક એજ્યુકેશન સોસાયટી સંચાલિત આર્ટસ કોલેજ લીમખેડામાં NSS વિભાગ અને સાક્ષી N.G.O નવી દિલ્હી ના સંયુક્ત ઉપક્રમે કોલેજના આચાર્ય પ્રા. અશ્વિનભાઈ આર. પટેલ ના અધ્યક્ષ સ્થાને ઓનલાઈન વેબિનાર યોજાયો. જેમાં મુખ્ય વક્તા તરીકે પાવની બેન શર્મા ઓનલાઈન માધ્યમથી જોડાઈને પોક્સો એક્ટ -2012 વિષય પર માહિતી સભર વક્તવ્ય આપીને વિદ્યાર્થીઓને માર્ગદર્શિત કર્યા હતા. તેમના દ્વારા સેક્સ્યુઅલ અવેરનેસ, ગુડ- ટચ,બેડ - ટચ જેવા મુદ્દાઓ પર વિસ્તૃત છણાવટ કરી, ઉદાહરણ સહિત માહિતીસભર વિદ્યાર્થીઓમાં સભાનતા કેળવાય તે હેતુથી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. તેમજ 18 વર્ષથી નાના બાળકોનું કેવી રીતે સેક્સ્યુઅલ હેરાસમેન્ટ થાય છે અને તેનાથી કેવી રીતે બચી શકાય તે અંગેની સમજ વિદ્યાર્થીઓને વિડીયો દ્વારા આપવામાં આવી હતી આ કાર્યક્રમનું આયોજન અમદાવાદથી તલ્હા પઠાણ દ્વારા કરવામાં આવ્યું હતું.

# તિલકવાડા રેલવે સ્ટેશનનું અપગ્રેડેશન કામ પૂરજોશમાં

**યાત્રીઓ માટે** મોટી ભેટ, ટ્રેન સંચાલન ક્ષમતામાં થશે વધારો

(પ્રતિનિધિ) ડભોઈ, તા.9

ડભોઈથી એકતાનગર જતી રેલવે લાઈન પર આવેલ તિલકવાડા રેલવે સ્ટેશનનું અપગ્રેડેશન કાર્ય હાલ પૂરજોશમાં ચાલી રહ્યું છે. વડોદરા રેલવે મંડળ દ્વારા તિલકવાડા સ્ટેશનને D-ક્લાસ (નૉન-બ્લોક/ફ્લેગ સ્ટેશન) માંથી B-ક્લાસ (બ્લોક સ્ટેશન)માં અપગ્રેડ કરવામાં આવી રહ્યું છે, જે યાત્રીઓ માટે મોટી ભેટ સમાન સાબિત થનાર છે.



હાલમાં વડોદરા અને એકતાનગર વચ્ચે મર્યાદિત ટ્રેન સંચાલન શક્ય છે. તિલકવાડા સ્ટેશન B-ક્લાસમાં રૂપાંતરિત થતાં એકતાનગર-ચાંદોદ વચ્ચેનો સિંગલ બ્લોક સેક્શન હવે બે બ્લોક સેક્શનમાં વહેંચાશે, જેમાં એકતાનગર-તિલકવાડા અને તિલકવાડા-ચાંદોદનો સમાવેશ થાય છે. આ બદલાવથી ટ્રેન સંચાલન ક્ષમતામાં નોંધપાત્ર વધારો થશે તેમજ સલામતી પણ વધુ મજબૂત બનશે.

સેક્શન કેપેસિટી વધવાથી ભવિષ્યમાં આ રૂટ પર વધારાની ટ્રેનોનું સંચાલન શક્ય બનશે. તિલકવાડા સ્ટેશન એક મહત્વપૂર્ણ ઓપરેશનલ પોઈન્ટ તરીકે કાર્ય કરશે, જેના કારણે ટ્રેન રેગ્યુલેશન અને ઓપરેશનલ ફ્લેક્સિબિલિટી વધુ બહેતર બનશે. એકતાનગરથી શરૂ થનારી ટ્રેનો માટે લાઈન ક્લિયર થવામાં લાગતો સમય પણ ઘટશે, જેના કારણે સમયપાલનતા સુધરશે.


મળતી માહિતી મુજબ તિલકવાડા સ્ટેશન પર એક લૂપ લાઈનનું નિર્માણ પણ કરવામાં આવ્યું છે. જેના કારણે લાઈન ક્ષમતા વધશે અને એક ટ્રેનને લૂપ લાઈનમાં રાખી બીજી ટ્રેનને સરળતાથી ક્રોસઓવર આપી શકાશે.

### પાદરાના સાપલામાં ત્રિદિનાત્મક પ્રજ્ઞાપુરાણ કથા સત્સંગનો પ્રારંભ

(પ્રતિનિધિ) પાદરા, તા.9

પાદરા તાલુકા ના સાપલા ગામે આવેલી મા ભગવતી ગૌશાળા ના 19મા પાટોત્સવ નિમિત્તે ત્રિદિનાત્મક પ્રજ્ઞાપુરાણ કથા સત્સંગનો ભવ્ય પ્રારંભ કરવામાં આવ્યો. આ અવસરે મુગટરામ મહારાજની ભૂમિ સાપલાથી ડીજેના તાલે ભક્તિ સંગીતના સથવારે શોભાયાત્રા નીકળી, જે ગાયત્રી પરિવાર રચનાત્મક ટ્રસ્ટ સંચાલિત મા ભગવતી ગૌશાળા ખાતે પહોંચીને પૂર્ણ થઈ.

ગૌશાળા પ્રાંગણે રંજનબેન ઉપાધ્યાય સહિતની બહેનોએ મશાલ, કળશ, પોથી સાથે આવનાર બહેનોનું કુમકુમ તિલક, પુષ્પગુચ્છ અને આરતી દ્વારા આત્મીય સ્વાગત કરી મંગળ પ્રવેશ કરાવ્યો. શોભાયાત્રામાં ગાયત્રી પરિવાર બહેનો, સાંપલા ગામ મહિલા મંડળ સહિત મોટી સંખ્યામાં બહેનોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો.



વ્યાસપીઠ પરથી દેવકન્યા સમાન દીકરી કુમારી કીર્તિદેવી રાઠવાએ પોતાની અમૃતવાણીથી પ્રજ્ઞાપુરાણ કથાનો આરંભ કર્યો. કથા પ્રારંભે શ્લોકોચ્ચાર, દીપ પ્રાગટ્ય અને ગણેશ સ્તુતિ સાથે નાની બાળાઓએ સંગીતમય સથવારો આપ્યો. કુમારી કીર્તિદેવી રાઠવાએ પ્રજ્ઞાપુરાણનો અર્થ અને તેની રચના વિષે સવિસ્તાર સમજાવ્યું. તેમણે જણાવ્યું કે પ્રજ્ઞા એટલે સદબુદ્ધિ, જે મા ગાયત્રીના જાપથી જાગૃત થાય છે.